શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો

ધોરણ – ૫

ગુજરાતી

સત્ર – ૨



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



વર્ગ શિક્ષકશ્રીનું નામ : ....

વર્ગ : ....

શાળાનું નામ : ....

તાલુકો : .... જિલ્લો : ....

ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.

શિક્ષણ સાગર

પ્રાસ્તાવિક

સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?

જવાબ : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરું આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

રચનાત્મક મુલ્યાંકન પત્રક   વિષય- ગુજરાતી   ધોરણ - ૫   (દ્વિતીય સત્ર)

શાળાનું નામ :   **તા.**   **પત્રક :- A**   **સને : 2022-23**

ક્ર.નં.	વિદ્યાર્થીનું નામ	6. અખિયોં કી ડિબિયામાં ચાંદો, સૂરજ, પ્હાડ				7. ઢેબરાંનો ન્યાય				8. લીલાછમ ખેતરનો રખેવાળ				9. મારે પણ આવો ભાઈ હોય!				10. ડુંગરો ભેરુ				શિક્ષણ સાગર			
		૩.૧ ગદ્ય અને પદ્ય સામગ્રીમાંથી વિગતો શોધે.	૪.૯ વાર્તા, કાવ્ય, ગીત સાંભળી/વાંચી તેના અંશોનું લેખન કરે.	૪.૧૧ સામગ્રીને લગતી રજૂઆત કરવા માટે સ્થાનિક ભાષાનો ઉપયોગ કરે છે.	૫.૩ ક્રિયાવિશેષણ ઓળખે અને ઉપયોગ કરે	૪.૨ વાર્તા પરથી નાટક ભજવે.	૪.૭ આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે છે	૫.૪ સંયોજકોનો યોગ્ય-અયોગ્ય ઉપયોગ ઓળખાવે અને વાક્યમાં પ્રયોજે.	૫.૯ ઘટના / પ્રસંગ / વાર્તા કે સંવાદની પછીની ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદનું અનુમાન/કલ્પના કરે	૪.૪ ગદ્ય અને પદ્ય સામગ્રીના આધારે સર્જન કરે.	૫.૮ સામગ્રીમાંથી ભાષા સંરચના કૃતિઓ શોધી સામગ્રીનું સંપાદન કરે.	૬.૮ પારિભાષિક શબ્દોના અર્થ સંદર્ભના આધારે ઓળખે અને તારવે.	૭.૫ ભાવાત્મક અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે.	૨.૧ ગદ્ય અને પદ્ય સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે.	૪.૧ આરોહ-અવરોહ સાથે / અભિનય સાથે વાર્તા રજૂ કરે.	૭.૬ પોતાના અનુભવો સાથે ભાવાત્મક ઘટનાનું / પાત્રોનું અનુસંધાન કરે	૮.૭ [illegible] શારીરિક કેળવણીની રમત રમે.	૩.૧ ગદ્ય અને પદ્ય સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે	૪.૮ ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં લખે	૬.૩ [illegible] પરિવર્તન કરી વાક્યરચનાઓ નિપજાવે	૭.૧ ભાવાત્મક સંકેતો ઓળખાવે.	સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા			૪૦ માંથી મેળવેલ ગુણ
		1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	√	?	×	

6. અખિયોં કી ડિબિયામાં ચાંદો, સૂરજ, પ્હાડ

1 "૩.૧ ગદ્ય અને પદ્ય સામગ્રીમાંથી વિગતો શોધે."

પ્રશ્ન:-૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)

૧. "જળપરીનું ઝાંઝર તૂટ્યું" ગીતના કવિ કોણ છે?
૨. i અચરજ વાર્તા કોની છે?
૩. આખું ગામ પીળું પીળું કેસરી ક્યારે લાગે?
૪. સપના રે સપના ગીત ગાનાર કોની સાથે વાત કરી રહ્યું છે?
૫. "અખિયોં કી ડિબિયા ભર દે રે નિંદિયા"-અર્થ શું થાય?

2 "૪.૯ વાર્તા, કાવ્ય, ગીત સાંભળી/વાંચી તેના અંશોનું લેખન કરે."

આ પંક્તિઓનો જે અર્થ તમને યોગ્ય લાગે તેની સામે '✓' ની નિશાની કરો.

1. અખિયોં કી ડિબિયા ભર દે રે નિંદિયા

( ) આંખો જેવા આકારની દાબડીમાં ઊંઘ ભરી દે. ( ) આંખોના ખેતરમાં નીંદામણ ભર્યું છે.
( ) ઓ ઊંઘ! મારી આંખોની દાબડીમાં ભરાઈ જા.

2. બાદલોં કે ભાલૂ

( ) વાદળોએ રીંછ જેવો આકાર બનાવ્યો છે. ( ) રીંછ વાદળોમાં રમે છે.
( ) રીંછનું નામ બાદલ છે.

3. તારોં કે કંચોં સે રાતભર ખેલેંગે

( ) આખી રાત તારાની લખોટીથી રમીશું. ( ) આખી રાત તારાથી કે લખોટીથી રમીશું.
( ) રાતને તારાની લખોટીથી ભરવા રમીશું.

4. પીલે પીલે કેસરી હૈ ગાંવ

( ) કેસરી ગામને પી લે...! ( ) કેસરી નામનું ગામ પીળું-પીળું છે.
( ) ગામ પીળાં પીળાં કેસરી રંગનાં છે.

5. ડૂબે હુએ હૈં રે પાની મેં સપનોં કે પાંવ

( ) સ્વપ્નમાં પાઉં પાણીમાં ડૂબી ગયાં છે. ( ) સ્વપ્નના પગ પાણીમાં ડૂબેલા છે.
( ) સપના નામની છોકરીના પગ પાણીમાં ડૂબેલા છે.

3 ૪.૧૧ સામગ્રીને લગતી રજૂઆત કરવા માટે સ્થાનિક ભાષાનો ઉપયોગ કરે છે.

. તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

4 "૫.૩ ક્રિયાવિશેષણ ઓળખે અને ઉપયોગ કરે"

શિક્ષણ સાગર

7. ઢેબરાંનો ન્યાય

5 "૪.૨ વાર્તા પરથી નાટક ભજવે."

કૌંસમાં આપેલ શબ્દો વડે ખાલી જગ્યા પૂરો અને પાંચથી છ લીટીમાં વાર્તા આગળ વધારો.

(સાવરણી, ઉંદર, જાપુ, છછુંદર, ડર, બહાદુર, ઘર)

નાનકડી ________ આજે ઘરમાં એકલી હતી. ક્યાંકથી એક મોટું ________ ઘરમાં આવ્યું. તે ________ ની જેમ ચૂં ચૂં બોલતું હતું. જાપુને પહેલાં તો ખૂબ ______ લાગ્યો પણ પછી તેણે ________ બનીને છછુંદરને બીવડાવવા માટે ______ હાથમાં લીધી

____

____

____

____

____

6 "૪.૭ આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદની રચના કરે છે"

3. નીચેના શબ્દો તમારા મિત્રો સાથે બોલો અને એમનો ઉપયોગ કરીને એક-એક વાક્ય બનાવો.

1. ગરમાગરમ

____

2. રોજ રોજ

____

3. વારંવાર

____

4. ધોળું ધોળું

____

5. સુંદર સુંદર

____

7 "પ.૪ સંયોજકોનો યોગ્ય–અયોગ્ય ઉપયોગ ઓળખાવે અને વાક્યમાં પ્રયોજે."

ઉદાહરણ પ્રમાણે વાક્યો પૂરાં કરો. (જોડીકાર્ય)

ઉદાહરણ : હવે તો હું ખૂબ ઝડપથી ખાઈ લઉં છું તેમ છતાં બધાં એમ જ કહે છે કે આ ગુલ્લીને તો ખાવામાં બહુ વાર લાગે.

1. હું સાંજે દાદા સાથે જોગિંગ કરવા જઈશ અથવા _______________
2. હું આ વૅકેશનમાં મામાના ઘરે નહોતી ગઈ કેમ કે _______________
3. _______________ પરંતુ જઈ શકાયું નહિ.
4. મેં કહ્યું કે મને આખી વાર્તા યાદ છે તો પણ _______________
5. _______________ એટલે મને થોડી બીક લાગી રહી હતી.

8 "પ.૯ ઘટના / પ્રસંગ / વાર્તા કે સંવાદની પછીની ઘટના/પ્રસંગ/વાર્તા કે સંવાદનું અનુમાન/કલ્પના કરે"

1. કૌંસમાં આપેલ વાક્યોનો ઉપયોગ કરી સંવાદ પૂર્ણ કરો.

[જી, થેંક યુ સર મારે ...., યસ... (ઊંચે જોઈને) અરે, લિંકન તું છે આવ... બોલ કેમ ચાલે છે તારો અભ્યાસ?, તેઓને મારા શિક્ષણનો ખર્ચ પડે તેમ નથી એટલે હું પોતે જ ...., મહેનત કરું છું, વળી આપનું માર્ગદર્શન પણ મળે છે.]

લિંકન: મે આઇ કમ ઇન સર ?

શિક્ષક: ______________________________

____

લિંકન: ______________________________

શિક્ષક: વેરી ગુડ, મેં સાંભળ્યું છે કે ભણવાની સાથસાથે તું નોકરી પણ કરે છે.

લિંકન: ______________________________

શિક્ષક: તારાં મા - બાપ ...

લિંકન: ______________________________

શિક્ષક: સમજી ગયો... હંઅ. તારા જેવા પરિશ્રમપ્રિય વિદ્યાર્થી માટે મને ગર્વ છે.

લિંકન: ______________________________

8. લીલાછમ ખેતરનો રખેવાળ

9 "૪.૪ ગદ્ય અને પદ્ય સામગ્રીના આધારે સર્જન કરે."

પ્રશ્ન:-૪ નીચેના વિધાનો કોણ બોલે છે તે લખો. (૫)

૧). "અમે તમારા માટે ડાયનાસોર જોઈ શકાય ઇ રીતે સમયને સેટ કર્યો છે." -

૨). "ડોન્ટ વરી અબાઉટ ઈટ." -

૩). "કોઈ સવાલ" -

૪). "હાશ ! ઘરે પાછા આવી ગયા." -

૫). "ચુપ, મૂરખના સરદાર !" –

10 "૫.૮ સામગ્રીમાંથી ભાષા સંરચના ક્ષતિઓ શોધી સામગ્રીનું સંપાદન કરે."

7. તમારા મિત્ર સાથે બેસીને અથવા ઘરના સભ્યો સાથે વાતચીત કરીને નીચેના શબ્દોના પ્રાસવાળા શબ્દો વિચારી-પૂછી ચર્ચા કરીને લખો.

ઉદાહરણ ભાષા – આશા

વાદળ – કાગળ

1. રાજા - ____________	2. નદી - ____________
3. ગોટલી - ____________	4. શોખીન - ____________
5. સાગર - ____________	6. ખજૂર - ____________

11 "૬.૮ પારિભાષિક શબ્દોના અર્થ સંદર્ભના આધારે ઓળખે અને તારવે."

3. કઈ ઋતુને લાગુ પડે – શિયાળો, ઉનાળો કે ચોમાસું ? – વિચારો અને લખો.

1. શેરડીનો રસ પીવાની કેવી મજા પડે ! ____________
2. અમારા આખા ખેતરમાં પાણી પાણી. ____________
3. હું તો રોજ ગોળા ખાવા જાઉં. ____________
4. મમ્મીએ જાતજાતનાં વસાણાં બનાવ્યાં. ____________
5. મેં આજે નવું સ્વેટર પહેર્યું. ____________

12 "૭.૫ ભાવાત્મક અભિવ્યક્તિ માટે યોગ્ય શબ્દ અને વિવિધ વાક્યરચનાઓ પ્રયોજે."

6. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

ઉદાહરણ: જીવન : ઑલિમ્પિકમાં વિજય મેળવવો એ ખેલાડીના જીવનની સૌથી મોટી ઇચ્છા હોય છે.

1. પુરુષાર્થ, રમત : ____________
2. હરીફાઈ, મેદાન : ____________
3. વિશ્વવિજેતા, અદ્ભુત : ____________
4. ખેલાડી, પારંગત : ____________
5. હિંમત, પરિણામ : ____________

9. મારે પણ આવો ભાઈ હોય!

13 "૨.૧ ગદ્ય અને પદ્ય સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબધો સમજે."

'લક્ષ્મણ જેવો ભાઈ હોય તો' કવિતાના આધારે વાક્યો પૂરાં કરો. (જોડીકાર્ય)

1. બાપા મને ચૌદ વરસ જંગલમાં મોકલી દે તો પણ ____________
2. બધાં ભલે દિવસે જંગલમાં જાય પણ અમે તો ____________
3. ____________ લીલું લીલું ઘાસ ખવડાવીશું.
4. ____________ એ તારી ભૂલ ગણાશે.
5. જંગલમાં ભૂખ લાગે ત્યારે ____________

14 "૪.૧ આરોહ–અવરોહ સાથે / અભિનય સાથે વાર્તા રજૂ કરે."

નીચના મુદ્દા પરથી વાર્તા લખો :

પૂનમની રાત - વાંદરાં ઝાડ પર સૂતા હોય - બાજુમાં તળાવ - તળાવમાં ચાંદાનું પ્રતિબિંબ - વાંદરાંનાં બચ્ચાંને ચાંદો પકડવાની ઈચ્છા - એકબીજાની પૂંછડી પકડી ઝાડ પરથી લટકવું - ડાળી પકડેલા બચ્ચાનો હાથ છટકી જવો - બચ્ચાં તળાવમાં - ધબાધબ અવાજ - મોટાં વાંદરાં જાગી જવાં - બચ્ચાં બચાવવાં.

....

....

....

....

....

....

....

....

....

....

....

....

15 "૭.૬ પોતાના અનુભવો સાથે ભાવાત્મક ઘટનાનું / પાત્રોનું અનુસંધાન કરે"

આ વાક્યો કોણ બોલી શકે એ વાર્તાને આધારે લખો.

1. ભાઈ લક્ષ્મણ, અહીં આવીને મોટાભાઈ પાસે બેસોને!
2. તમે બેસો, હું એ બાણની અણી ઘસી દઈશ.
3. માતા સીતાનું અપમાન હું હરગિજ સહન નહિ કરું.
4. આ જંગલમાં તો હું કહું તે જ કાયદો ચાલે.
5. મારી બહેનનું અપમાન કરનારને હું છોડીશ નહીં.

16 "૮.૭ મનો શારીરિક કેળવણીની રમત રમે."

જોડકાં જોડો.

અ	બ
ગુરુ વશિષ્ઠ અને પિતા દશરથ પાસેથી રામ લક્ષ્મણને	અસ્ત્રશસ્ત્ર અને જીવન જીવવાની કેળવણી લીધી.
લક્ષ્મણ હંમેશાં રામની સાથે રહેતા અને	આનંદથી સમય પસાર કરતાં હતાં.
વિશ્વામિત્રના આશ્રમમાં રહીને બંને ભાઈઓએ	લક્ષ્મણને ખૂબ ક્રોધ આવ્યો.
શૂર્પણખાએ સીતા પર કરેલા આક્રમણથી	શસ્ત્રવિદ્યા શીખવા મળી હતી.
રામ, સીતા અને લક્ષ્મણ વનવાસ દરમિયાન	શસ્ત્રવિદ્યાનો સતત મહાવરો કરતા હતા.
વનવાસ દરમિયાન પણ રામલક્ષ્મણ	રામની સેવા કરતા.

10. ડુંગરો ભેરુ

17 "૩.૧ ગદ્ય અને પદ્ય સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે"

તમે શું સમજ્યાં? જોડીમાં વિચારીને લખો.

1. કોઈ લઘરવઘર/__________ નહોતું, બધાં નવાં કપડાં પહેરીને આવ્યાં. (કદરૂપું, અવ્યવસ્થિત, વેરવિખર)
2. રવિ ડુંગરને ટગરટગર/__________ જોઈ રહેતો. (એકીટશ, ડોળા કાઢીને, આંખો બંધ કરીને)
3. બધાં ચકળવકળ/__________ જોવા લાગે છે. (બહાવરા થઈ, આમતેમ, ગુસ્સાથી)
4. રવિની ચપડચપડ/__________ સાંભળી ડુંગર ખુશ થતો. (વાતો, ફરિયાદ, ચાવવાનો અવાજ)
5. બધાં ઈધરઉધર/__________ ભાગમભાગ કરવા માંડે છે. (ઉતાવળે, ધીરેધીરે, આમતેમ)

18 "૪.૮ ચિત્રનું વર્ણન સાત–આઠ વાક્યોમાં લખે"

નીચેનું ચિત્ર જોઈ સાત આઠ વાક્ય માં વર્ણન કરો :



19 "૬.૩ શબ્દ પરિવર્તન કરી વાક્યરચનાઓ નિપજાવે"

નીચેના ફકરામાં માધવને બદલે શ્લોકાનું નામ લખી ફકરો યોગ્ય ફેરફાર કરી ફરીથી લખો.

એક વાર માધવ સુખડી ખાઈ રહ્યો હતો. તેને વિચાર આવ્યો આ તો ચૉકલેટથી પણ સરસ છે ! માધવને ચૉકલેટ ખૂબ ભાવે. ક્યારેક તો માધવ સપનામાં ચૉકલેટના ઝાડ પર બેસી હીંચકા ખાતો હોય. એ તો એવો છોકરો કે રમતો ને રમતો જ હોય. ક્યારેક વળી સુંદર ગીતડાં ગાતો હોય.

20 "૭.૧ ભાવાત્મક સંકેતો ઓળખાવે. "

નીચેનો ફકરો વાંચી યોગ્ય જગ્યાએ સર્વનામ મૂકી ફકરો ફરી લખો.

બાળક નરેન્દ્ર ખૂબ જ પ્રતિભાશાળી. નરેન્દ્રની યાદશક્તિ એટલે ? ન પૂછો વાત! નરેન્દ્ર ચોપડી એક વખત વાંચે એટલે કડકડાટ મોંઢે! નરેન્દ્ર કૉલેજમાં ભણતો ત્યારે નરેન્દ્રના અંગ્રેજ સાહેબે કહ્યું હતું : નરેન્દ્ર જેવા હોશિયાર વિદ્યાર્થી મેં ક્યારેય જોયો નથી, નરેન્દ્ર રમતગમતમાં પણ એવો પાવરધો. નરેન્દ્રનું શરીર પણ એવું કસાયેલું.

शिक्षण सागर

આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.

ધોરણ – ૩ CLICK HERE

ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education

SHIKSHAN SAGAR

(શિક્ષણ સાગર)

એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
.shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
.shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION